# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લા સેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662902, Fax No: 2662902, Emailsuratdeo@gmail.com

જા.નં.:મા-૨/૨૦૨૪/ ૧૨૬૨૨ તા.૨૧/૦૮/૨૦૨૪

<u>વંચાણે લીધા:</u>

સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના તા.૧૪/૦૮/૨૦૨૪ના પત્ર ક્રમાંક: STTI/તાલીમ/૨૦૨૪/૨૧૦-૨૧૪.

<u>કાર્યાલય આદેશ:</u>

સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના ઉક્ત વંચાણે લીધા અન્વયે સરકારી/અનુદાનિત શાળાના રસાયણ વિજ્ઞાન(ઉ.મા) વિષયના શિક્ષકોની તાલીમનું આયોજન તા. ૨૯/૦૮/૨૦૨૪ થી તા.૩૧/૦૮/૨૦૨૪ ના રોજ સવારે ૧૦:૩૦ થી સાંજે ૦૬:૦૦ કલાક દરમ્યાન થયેલ છે.

સદર તાલીમમાં આ સાથે સામેલ યાદી મુજબના શિક્ષકશ્રીઓને અચૂક ઉપસ્થિત રહેવા આથી આદેશ કરવામાં આવે છે.

બીડાણ: ઉપર મુજબ યાદી

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત. જિ.સુરત

પ્રતિ,
શિક્ષકશ્રી યાદી મુજબ તમામ,

<u>નકલ સવિનય રવાના:</u>

કો-ઓર્ડીનેટર, સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટયુટ, જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગર

<u>નકલ રવાના જાણ સારૂ:</u>

આચર્યશ્રી, સંબંધિત શાળાઓ તમામ,

નીચે જણાવેલ તાલીમાર્થીને તા. ૨૯.૦૮.૨૦૨૪ થી ૩૧.૦૮.૨૦૨૪ દરમિયાન રસાયણવિજ્ઞાન (ઉ.મા)ની તાલીમમાં મોકલવાની યાદી

| Sr. No. | Dist | Name of School | Name of Teachers | Village Name | Taluko |
|---|---|---|---|---|---|
| 1 | SURAT | SHRI R.D.GHAEL JIVAN BHARTI MA.VIDHYALAY, SURAT. | Mr. SANJAY BHIKHABHAI BOSAMIYA | SURAT CITY | SURAT |
| 2 | SURAT | SHRI K.L.PATEL AND SHRI V.M.M. SARVAJANIK HIGH SCHOOL, ANAVAL | Mr. HEMRAJ SANVARMAL KUMBHAR | ANAVAL | MAHUVA |
| 3 | SURAT | NALANDA VIDHYALAY, SURAT | Mrs. NIKITABAHEN MILANBHAI KHAROSE | SURAT CITY | SURAT |
| 4 | SURAT | B.A.B.A.S. HIGH SCHOOL, BARDOLI | SONALBEN VITHTHALBHAI BAVADIYA | BARDOLI | BARDOLI |
| 5 | SURAT | SHRI M. B. VAMDOT HIGH SCHOOL, BARDOLI | Ms. ALISHABEN KISHORCHANDRA SARKARI | VAMDOT | BARDOLI |
| 6 | SURAT | J.M.PATEL SARVAJANIK HIGH SCHOOL, BARDOLI | Mr. VIPUL NAVINBHAI PRAJAPATI | BARDOLI | BARDOLI |
| 7 | SURAT | U.B.KANYA VIDYALAY, VAGHECHA | Mr. VINOD ARJANBHAI HADIYA | VAGHECHA | BARDOLI |
| 8 | SURAT | SHRI N.D.DESAI SARVAJANIK HIGH SCHOOL,VANKAL,-SCIENCE | SHAIKH IRFAN USMANBHAI | VANKAL | MANGROL |
| 9 | SURAT | SHRI JAWAHAR VIDHYALAY, SANIYAKANDE | Mr. JATIN CHANDRAKANTBHAI JARIWALA | SURAT CITY | SURAT |
| 10 | SURAT | SMT. I. N. TEKRAWALA HIGH SCHOOL, SURAT | Mr. ROSHANKUMAR HASMUKHBHAI PATEL | SURAT CITY | SURAT |
| 11 | SURAT | J.M.PATEL SARVAJANIK HIGH SCHOOL, BARDOLI | Ms. PRIYANKABEN SAMUELBHAI GAMIT | BARDOLI | BARDOLI |
| 12 | SURAT | LATE C.B. KAPADIA AND LATE L.C. KAPADIA SECONDARY SCHOOL,SURAT | Mr. DIVYESHKUMAR JAYANTILAL CHAUDHARI | SURAT CITY | SURAT |
| 13 | SURAT | ST.SRI P.H.BCHKANIWALA VIDHYA MANDIR` - SURAT CITY - SURAT - SURAT | Ms. SIMA JAGDISHBHAI NIMBARK | SURAT CITY | SURAT |

District Education Office.
Surat. Dist. Surat.

# સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ
## (જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર)

"વિદ્યાભવન", ઉમિયા માતાજી મંદિર પાસે, ઉદ્યોગ ભવન સામે, સેક્ટર-૧૨,
ગાંધીનગર-૩૮૨૦૧૬ (ગુજરાત)
ફોન નં.- ૦૭૯-૨૩૨૪૬૫૧૧, *E-mail:*- stti.gujarat@gmail.com


STTI / તાલીમ / ૨૦૨૪ / ૨૧૦-૨૧૪ તારીખ :- ૧૪/૦૮/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
**જિલ્લો :– નવસારી, રાજકોટ, સુરત, તાપી , વલસાડ**

**વિષય:-** આપના જીલ્લાની સરકારી /અનુદાનિત શાળાના **રસાયણવિજ્ઞાન** (ઉ. મા.) વિષયના શિક્ષકોની તાલીમ બાબત.

**સંદર્ભ:- માન.નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી.ની તા.; ૧૧/૦૬/૨૦૨૪ ના રોજ નોંધ પર મળેલ મંજુરી**

**શ્રીમાન,**

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, આપશ્રીના જીલ્લાની સરકારી / અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં નિયુક્ત થયેલ **રસાયણવિજ્ઞાન (ઉચ્ચત્તર માધ્યમિક)** વિષયના શિક્ષકોના જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય તેમજ **NEP-2020** અંતર્ગત કરેલ વિષય સંલગ્ન ભલામણો તેમજ અધ્યયન નિષ્પત્તિ (ઉચ્ચત્તર માધ્યમિક) નાં મૂળભૂત આધારોથી માહિતગાર થાય તે હેતુથી જી.સી.ઈ.આર.ટી. ના માર્ગદર્શન હેઠળ એસ.ટી.ટી.આઇ. સંસ્થા ખાતે તાલીમનું આયોજન કરેલ છે. સદર તાલીમમાં આપના જીલ્લાના **યાદી મુજબના** શિક્ષકોને મોકલવાના થાય છે. જે અંગેની યાદી આ સાથે **(Excel Sheet)** માં સામેલ છે. જેમને આપની કક્ષાએથી તાલીમમાં અચૂક હાજર રહેવા અંગે જરૂરી આદેશો કરી અત્રેની કચેરીને ઇ-મેઈલ થી જાણ કરવા વિનંતી.

**સ્થળ: સ્ટેટ ટીચર્સ ટ્રેનીંગ ઇન્સ્ટીટ્યુટ, (S.T.T.I.) જી.સી.ઇ.આર.ટી. કેમ્પસ,**
**વિદ્યાભવન , બલરામ પરિસર/ ઉમિયા માતાજી મંદિર પાસે,**
**સેક્ટર -૧૨, ગાંધીનગર.( સંસ્થાની નજીકનું બસસ્ટેન્ડ પથિકાશ્રમ છે.)**
**તાલીમ તારીખ: ૨૯/૦૮/૨૦૨૪ થી ૩૧/૦૮/૨૦૨૪**
**તાલીમ સમય: સવારે ૧૦-૩૦ થી સાંજે ૦૬-૦૦**
**તાલીમ રજીસ્ટ્રેશન સમય :- સવાર ૧૦-૦૦ કલાકે**

**કો-ઓર્ડીનેટર**
**એસ.ટી.ટી.આઇ**
**ગાંધીનગર**

**બિડાણ: જીલ્લાવાર તાલીમાર્થી શિક્ષકોની Excel Sheet માં યાદી.**

**નવસારી (૧૨), રાજકોટ (૦૨), સુરત (૧૩), તાપી (૦૬) , વલસાડ (૦૯)**

# <u>તાલીમ માટે આવશ્યક સુચનાઓ</u>

૧. તાલીમમાં દરેક તાલીમાર્થી શિક્ષકે તાલીમના પ્રથમ દિવસે ૧૦-૦૦ કલાક પહેલા એસ.ટી.ટી.આઇ માં અચૂક હાજર રહેવું.

૨. તાલીમ સંબંધિત વિષયનું પાઠ્યપુસ્તક અવશ્ય સાથે લાવવાનું રહેશે

૩. તાલીમમાં આવનાર તાલીમાર્થીઓને ટી.એ./ ડી. એ. નું ચુકવણું **(NEFT)** પધ્ધતિ દ્વારા ચુકવવાનું હોવાથી તાલીમાર્થી શિક્ષકોએ પોતાનો પગાર જમા થતો હોય તે બેંકનું નામ, બ્રાન્ચનું નામ, બેંક ખાતા નંબર, તથા બેંકનો **IFSC CODE** ફરજીયાત આપવાનો રહેશે. **(ટી. એ. ફોર્મ સાથે બેંક પાસબુક ઝેરોક્ષ જોડવાની રહેશે.)**

૪. તાલીમમાં આવનાર તાલીમાર્થીએ શિક્ષક પ્રતિભાને છાજે તે રીતનો પહેરવેશ પહેરીને તાલીમમાં આવવાનું રહેશે. ટી.શર્ટ અને જીન્સ અથવા એવો કોઇ અશોભનીય પહેરવેશ જે શિક્ષકની પ્રતિભાને શોભે નહી તેવો પહેરવેશ એસટીટીઆઇમાં તાલીમ દરમ્યાન પહેરવાની સખ્ત મનાઇ છે.

**૫. તમામ તાલીમાર્થી શિક્ષકોને અત્રેથી ટી.એ./ડી.એ. બિલોની ચૂકવણી કરવાની હોઈ તાલીમમાં આવનાર તાલીમાર્થી શિક્ષકોએ ટી.એ./ડી.એ. ફોર્મની સાથે તેઓના મુસાફરી અંગેના આધાર (ટીકીટ) ફરજીયાત બીડાણ કરવાના રહેશે. જે તાલીમાર્થી શિક્ષકે મુસાફરીએ અંગેના આધાર (ટીકીટ) બીડાણ કરેલ ન હોય તેવા સંજોગોમાં ગુજરાત એસ.ટી.નિગમ ના લઘુત્તમ ભાડાના દર મુજબ અત્રેથી ચૂકવણી કરવામાં આવશે.**

૬. એસટીટીઆઇની તાલીમ દરમિયાન તાલીમાર્થી શિક્ષકોએ ચુસ્તપણે નિયમોનું પાલન કરવાનું રહેશે.

૭. સદર હું તાલીમમાં નિર્ધારિત સમય કરતાં મોડા આવનાર તેમજ ગેરહાજર રહેનાર તાલીમાર્થી શિક્ષકો સામે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી તરફથી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

**૮. અત્રે દ્વારા તાલીમમાં આવનાર <u>તાલીમાર્થી શિક્ષક સિવાય</u> કોઈપણ વ્યક્તિ (સગા/મિત્ર/પરિચિત) માટે હોસ્ટેલ બિલ્ડીંગ ખાતે કે અન્ય જગ્યાએ રાત્રી રોકાણની વ્યવસ્થા કરવામાં આવશે નહી.**

**૯. તાલીમમાં આવનાર દરેક તાલીમાર્થી શિક્ષકે પોતાનું સરકાર માન્ય ઓળખપત્ર (Adhar Card, Election card, Driving License etc.) અથવા સ્કૂલ ઓળખ પત્ર ફરજીયાત સાથે લઈને આવવું. ઓળખકાર્ડ વગર હોસ્ટેલ બિલ્ડીંગ ખાતે રૂમની ફાળવણી કરવામા આવશે નહી.**

**૧૦. તાલીમમાં આવનાર તાલીમાર્થી શિક્ષકોએ પોતાના વિષયના વિષયવસ્તુ આધારિત કયા કઠીન બિંદુઓ આધારિત તાલીમમાં ચર્ચા કરવા માગો છો. તે મુદાઓ અત્રેની કચેરીનાં –E-mail Id- <u>stti.gujarat@gmail.com</u> પર અગાઉથી મોકલી આપશો જેથી અત્રે આવનાર તજજ્ઞશ્રી દ્વારા જે તે મુદ્દા પર યોગ્ય માર્ગદર્શન આપી શકાય.**